# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

---

રેફ નં. તા: ૧૭ – ૧૨– ૨૦૧૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# 'એનર્જી એક્ષ્પો –૨૦૧૦'નો શુભારંભ સમારોહ યોજાયો

સુરતઃ સાઉથ ગુજરાત પ્રોડકટીવિટી કાઉન્સિલ તથા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સંયુકત ઉપક્રમે 'એનર્જી એક્ષ્પો –૨૦૧૦'નો ઉદઘાટન સમારંભ સુરત ઈન્ટરનેશનલ એકિઝબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર,સરસાણા માં યોજાયો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કેન્દ્ર સરકારના માનનિય ઉર્જા રાજયમંત્રીશ્રી ભરતસિંહ સોલંકી તથા વિશેષ અતિથિ તરીકે કેન્દ્ર સરકારના આદિજાતિ રાજયમંત્રી ડો. તુષાર એ.ચૌધરી અને સુરતના સાંસદ શ્રીમતી દર્શના જરદોશ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમના આરંભે ચેમ્બર પ્રમુખ ડો. અજોય ભટ્ટાચાર્યએ આમંત્રિતોનું સ્વાગત કરતાં પોતાના વકતવ્યમાં કહયું હતું કે,સુરત હવે વિકાસનું પ્રતિક બની ગયું છે ત્યારે એનો સવગ્રાહી વિકાસ થાય એ જરૂરી છે.ગ્લોબલ વોમિંગની અસર આપણી સામે જ છે ત્યારે ઉર્જાનો વધુ પડતો વ્યય અટકાવવાની તાતી જરૂર છે.આપણે વૈકલ્પિક ઉર્જાની દિશામાં પણ વિચારવું પડશે.આ પ્રદર્શનથી લોકોમાં વીજળીની બચત વિશે જાગૃતિ આવશે. જો સરકાર વૈકલ્પિક ઉર્જા માટે કોઈ યોજના બનાવે તો સુરત એમાં સહકાર આપશે.

સાઉથ ગુજરાત પ્રોડકટીવિટી કાઉન્સિલના પ્રમુખશ્રી અશોક શાહે 'એનર્જી એક્ષ્પો –૨૦૧૦' વિશે જાણકારી આપતા કહયું હતું કે,વિજળી હવે જીવનજરૂરિયાતની મુખ્ય બાબત બની ચૂકી છે.વિજ ઉત્પાદન અને વિતરણ સાથે સંકળાયેલા ઘણા ઉદ્યોગો દક્ષિણ ગુજરાતમાં છે ત્યારે'એનર્જી એક્ષ્પો'નું આયોજન મહત્વનું બની રહે છે.આ આયોજનમાં હજીરા બેલ્ટના ઉદ્યોગગ્રુહોએ ઘણો સહકાર આપ્યો છે.આ એક્ષ્પોમાં પાવર

એફિશિયન્ટ ઉપકરણોની જાણકારી મળી રહેશે. તેમણે સાઉથ ગુજરાત પ્રોડકટીવિટી કાઉન્સિલની કામગીરીની ઝલક પણ રજૂ કરી હતી.

સુરતના સાંસદ શ્રીમતી દર્શના જરદોશે પ્રાસંગિક વકતવ્યમાં જણાવ્યું હતું કે,ગુજરાતમાં આ પ્રથમ પ્રદર્શન છે.એનર્જી સેવિંગ એ મહત્વની બાબત છે અને ખાસ કરીને ગૃહિણીઓ એમાં વધુ ઘ્યાન આપી શકે છે એટલે વધુને વધુ લોકો આ પ્રદર્શનનો લાભ લઈ શકે એવી ગોઠવણ પણ જરૂરી છે.

આદિજાતી રાજયમંત્રી ડો.તુષાર ચૌધરીએ ગુજરાતમાં આ પ્રકારનું પ્રથમ પ્રદર્શન યોજવા બદલ ચેમ્બર અને પોડકટીવિટી કાઉન્સિલને અભિનંદન આપયા હતા અને કહયું હતું કે,ગુજરાતની વિજખાધને પુરવા માટે કેન્દ્ર સરકારે છેલ્લા પાંચ વર્ષમાં જે કામ કર્યુ છે એને કારણે ગુજરાતને હવે વિજળીની ખાધ નહીં નડે. આ પ્રદર્શન ઉર્જાના અન્ય સ્રોતો વિશે જાણકારી આપવામાં પણ મદદરૂપ બનશે.

સમારંભના મુખ્ય મહેમાન કેન્દ્રના ઉર્જા રાજયમંત્રીશ્રી ભરતસિંહ સોલંકીએ કહયું હતું કે,એનર્જી જેવા વિષયનું પ્રદર્શન યોજવું એ પડકાર છે અને ચેમ્બર અને પ્રોડકટીવિટી કાઉન્સિલે એ પડકાર ઝીલી લીધો એ આનંદની વાત છે.આજે દેશની ઉર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે અનેક યોજનાઓ છે પરંતુ આપણે હવે પરંપરાગત ઉર્જા સ્રોતો ઉપરાંતના વૈકલ્પિક ઉર્જાની દિશામાં પણ વિચારવું પડશે.સોલર પાવર,વિન્ડ પાવર જેવા સ્રોતો વિશે પણ આગળ વધવું પડશે. સરકારે ૧૧મી અને ૧૨મી પંચવર્ષિય યોજનામાં ઉર્જા ઉત્પાદન,ટ્રાન્સમિશન અને વિતરણ ઉપર પણ ભાર મુકયો છે.સાથેસાથે આપણે ઉર્જાની બચત વિશે પણ વિચારવું જોઈએ કેમકે જો આપણે એક યુનિટ વિજળી બચાવીએ તો તે બે યુનિટ વિજળી ઉત્પન્ન કરવા જેટલું મહત્વનું બની જશે.એ ઉપરાંત પાવરલોસ ઉપર પણ ઘ્યાન રાખવુ પડશે.ગુજરાતને ઉર્જાક્ષેત્રે સક્ષમ બનવા સરકારે રૂ.૫૦૦૦૦ કરોડની સહાય આપી છે.તેમણે સુરતને ગુજરાતની આર્થિક રાજધાની ઉપરાંત વેપાર ઉદ્યોગનું હબ પણ ગણાવ્યું હતું.તેમણે કહયું હતું કે સુરતને હવે મેટ્રો સીટી બનતા વાર નહી લાગે.તેમણે પ્રદર્શન ખુલ્લું મુકયા બાદ પ્રદર્શનને રસપૂર્વક નિહાળ્યું હતું અને પ્રદર્શનને ઝળહળતી સફળતા મળશે એવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

પ્રોડકટીવિટી કાઉન્સિલના ઉપપ્રમુખશ્રી દિનેશ માંડલેવાળાએ આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન કર્યું હતું.